RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રાજકોટ-દિલ્હી અને રાજકોટ-મુંબઈ માટે સવારની દૈનીક ફલાઈટો શરૂ કરવા વિવિધ એરલાઈન્સ કંપનીઓને આમંત્રીત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે સરકારશ્રીમાં રજુઆતો કરવામાં આવે છે. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ આશરે ૨૫ લાખ જેટલી વસ્તી ધરાવતું શહેર છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે પણ ગણવામાં આવે છે ત્યારે રાજકોટ તથા તેની આસપાસ આશરે ૧.૨૫ લાખથી વધુ MSME એકમો આવેલા છે જેમાં ઓઈલ એન્જીન, કાસ્ટીંગ, બેરીંગ, ફોર્જીંગ, સબમાર્શીબલ પમ્પ અને પાર્ટસ, કિચનવેર, હાર્ડવેર, ઓટોમોબાઈલ, CNC ઓટોમેશન, ગોલ્ડ-સિલ્વર-ઈમિટેશન જેવા અનેક પ્રોડકટનું ઉત્પાદન થઈ રહયું છે અને આતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ પણ થઈ રહયું છે. રાજકોટ શહેરની આસપાસ આશરે ૧૦૦ કિ.મી.ની અંદર જામનગરમાં બ્રાસ પાર્ટસ, મોરબી સીરામીક હબ, પોરબંદરમાં ખાણ-ખનીજ અને મહાત્મા ગાંધીની જન્મ ભુમી, જુનાગઢ એગ્રીકલ્ચર અને ફુડ સ્પાઈસીસ, સુરેન્દ્રનગરામાં પોલ્ટ્રી વિગેરે જેવા ઔધોગીક હબ તરીકે જાણીતા છે. જયારે દ્વારકા, સોમનાથ, ગિરનાર, ખોડલધામ-વિરપુર જેવા અનેક ઔતિહાસીક અને પર્યટક સ્થળોની દેશ વિદેશના લોકો મુલાકાત લેતા હોય છે.

આમ રાજકોટ તથા આસપાસના શહેરો ઔધોગીક હબ તરીકે જાણીતા હોવાથી આયાત-નિકાસ પણ દિન પ્રતિદીન વધી રહયું હોય જેથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે તેમજ ઐતીહાસીક સ્થળોથી પથરાયેલ હોવાથી પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે ફલાઈટની કનેકટીવીટી વધારવી ખુબ જ આવશ્યક છે. હાલમાં રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૧૨ જેટલી ડોમેસ્ટીક ફલાઈટની ટ્રીપો ચાલી રહી છે તેમજ મહિને આશરે ૯૦ હજાર જેટલા મુસાફરો મુસાફરી કરી રહયા છે ત્યારે આટલી ટ્રીપ ખુબ જ ઓછી ગણાય. ખાસ કરીને રાજકોટ-મુંબઈ તથા રાજકોટ-દિલ્હી બન્ને શહેરો ખાતે મુસાફરી કરનાર વર્ગ ખુબ જ વધારે છે તો તેને

ધ્યાનમાં રાખી રાજકોટ-દિલ્હી માટે સવારની ૬:૦૦ વાગે અને ૯:૦૦ વાગે દૈનીક ફલાઈટ તથા રાજકોટ-મુંબઈ માટે સવારની ૬:૩૦ વાગે અને રીર્ટન દૈનીક ફલાઈટ સાજે ૮:૦૦ વાગ્યાની તાત્કાલીક શરૂ કરવી ખુબ જ જરૂરી છે. જેથી કરીને મુસાફરોને બિનજરૂરી રાત્રી રોકાણ ન કરવો પડે અને સમય તથા નાણાનો વ્યય નો થાય. વધુમાં મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખી વધારાની ડોમેસ્ટીક ફલાઈટો જેવી કે, રાજકોટ થી ગોવા (જે હાલ સપ્તાહમાં દર ત્રીજા દિવસે ચાલે છે) તે દૈનીક કરવી, રાજકોટ-સુરત ફલાઈટને ઉદપુર સુધી લંબાવી મોટી કેપેસીટી સાથે શરૂ કરવી, રાજકોટ-ઈન્દોર, રાજકોટ-ચેન્નઈ, રાજકોટ-કોલકતા અને રાજકોટ-જયપુર-શ્રીનગરની ફલાઈટો શરૂ કરવી.

રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરનું કાયમી ટર્મિનલ આશરે બે મહિનમાં પુર્ણ થઈ જશે તેમજ ઈન્ટરનેશનલ ફલાઈટો પણ શરૂ થશે ત્યારે રાજકોટ-દુબઈ, રાજકોટ-સિંગાપોર-મલેશીયા-બેંગકોક (ફારઈસ્ટ) ની ઈન્ટરનેશનલ ફલાઈટો તાત્કાલીક શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા વિવિધ એરલાઈન્સ કંપનીઓ જેવી કે, એર ઈન્ડીયા, ઈન્ડીગો, સ્પાઈસ જેટ, વિસ્તારા, એર એશીયા, એર ઈન્ડીયા એક્સપ્રેસ, અકાસા, એલાઈન્સ એરને આમંત્રીત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.